ગોધરાકાંડ બાદના તોફાનોના કેસમાં ૨૮ નિર્દોષ

૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા રેલવે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસને કોચને આગ ચાંપી દેવાયા બાદ પ્રત્યાઘાતરૂપે હિંસા ફેલાઈ હતી : કલોલ તાલુકાના પલીયાડ ગામમાં રમખાણો ભડકી ઉઠ્યા હતા

વર્ષ ૨૦૦૨માં સનસનાટીપૂર્ણ ગોધરા અગ્નિકાંડ બાદ તેના પ્રત્યાઘાતરૂપે ભડકેલી સાંપ્રદાયિક હિંસાના એક કેસમાં ગુજરાતમાં ગાંધીનગરમાં કલોલમાં એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટે આજે ૨૮ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. કલોલની કોર્ટ દ્વારા તમામને નિર્દોષ છોડી મુકવામાં આવતા આની ચર્ચા આજે સાંજે જોવા મળી હતી. પુરાવાના અભાવે કોઈપણ પ્રકારની સજા વગર તમામને મુક્ત કરવામાં આવ્યા હતા. કોર્ટે જાહેરાત કરી હતી કે કોઈપણ પ્રકારના નક્કર પુરાવા હાથ લાગ્યા નથી. જેથી જે લોકો પકડાયા છે તેમની સામે કોઈ આરોપ સાબિત થતા નથી. મુક્ત થયેલા લોકોમાં કલોલ નાગરિક સહકારી બેંકના ચેરમેન ગોવિંદ પટેલનો પણ સમાવેશ થાય છે. આ તમામ લોકો પર રમખાણો ફેલાવવા તથા જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવાના આરોપ મુકવામાં આવ્યા હતા. આગ ચાંપવામાં બનાવમાં ભાગ લેવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. કોર્ટમાં થયેલી કાર્યવાહીના આધારે જુબાની આપનાર લોકોએ આ તમામને ઓળખતા ન હોવાની રજુઆત કરી હતી. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રમખાણો થયા હતા. આ સંબંધમાં આરોપીઓ અને ભોગ બનેલા લોકો વચ્ચે કોઈપણ પ્રકારના નક્કર પુરાવા મળી શક્યા નથી. ચુકાદાની જાહેરાત કરતા જ એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ બી.ડી. પટેલે કહ્યું હતું કે આરોપીઓ સામે પુરતા પુરાવા મળ્યા નથી કારણ કે તમામ સાક્ષીઓએ નિવેદન ફેરવી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તેઓ આરોપી લોકોને ઓળખતા નથી. ૨૬ લોકો સામે આગ, રમખાણો અને સંપત્તિને નુકસાન કરવાના આરોપો હતા. પલીયાડ ગામમાં મસ્જિદમાં તોડફોડ કરવાનો આ સમગ્ર મામલો પણ રહ્યો હતો. અત્રે નોંધનિય છે કે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા રેલવે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ ચાંપી દેવામાં આવ્યા બાદ આ બનાવમાં આશરે ૫૮ લોકો બળને ભડથું થઈ ગયા હતા. આ બનાવ બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૧૦૦૦થી વધુ પણ વધુ લોકોના મોત થયા હતા. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે ગોધરાકાંડના બનાવ બાદ હિંસાની શરૂઆત થઈ હતી. જેના ભાગરૂપે ગાંધીનગર પાસેના કલોલના પલીયાડમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. આશરે ૨૫૦થી વધુ લોકોના ટોળાએ સમગ્ર ગામને લક્ષ્યમાં રાખીને તોફાનો કર્યા હતા. એક દરગાહને નુકસાન કરવામાં આવ્યું હતું. જેથી હિંસાએ વિનાશક સ્વરૂપ ધારણ કર્યું હતું. સુનાવણી દરમિયાન વકીલે કહ્યું હતું કે નુકસાનની ભરપાઈ કરી દેવામાં આવશે. બચાવ પક્ષના વકીલ ભાવેશ રાવલે કહ્યું હતું કે સમાધાન મુજબ જ નુકસાન થયેલી મિલકતોની ભરપાઈ કરી દેવામાં આવશે. શાંતિ અને સલામતિ અર્થે આરોપીઓએ સહકાર દર્શાવવાની તૈયારી પણ આપી છે. ગોધરાકાંડ બાદ એકાએક ખતરનાક રીતે હિંસાની શરૂઆત થઈ હતી. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલીયાડ ગામમાં આ હિંસા થઈ હતી. નિર્દોષ છુટેલાઓમાં કલોલ નાગરિક સહકારી બેંકના વર્તમાન ચેરમેન ગોવિંદ પટેલનો પણ સમાવેશ થાય છે. તમામ આરોપીઓ પહેલાથી જ જામીન ઉપર હતા.

કલોલ કોર્ટના પ્રાંગણમાં ચુકાદાની સાથે સાથે

- ગુજરાતના ગાંધીનગરમાં કલોલમાં એડિશનલ જિલ્લા કોર્ટે ચુકાદો આપ્યો
- ગોધરાકાંડ બાદ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં પાલીયાડ ગામમાં ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે હિંસા ભડકી ઉઠી હતી
- ૨૫૦થી વધુ લોકોના ટોળાએ સમગ્ર ગામને લક્ષ્યમાં લઈને ભારે તોડફોડ મચાવી હતી અને આગ ચાંપી હતી, હિંસા દરમિયાન એક દરગાહને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું
- કલોલ એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ બી.ડી. પટેલ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો
- તમામ આરોપીઓ સામે કોઈ નક્કર પુરાવા નહીં હોવાની રજુઆત કરાઈ
- તોફાનમાં તમામ લોકોએ ભૂમિકા ભજવી હતી તેવા પુરાવા મળી શક્યા નથી
- સુનાવણી દરમિયાન જુબાની આપનાર લોકોએ આરોપીઓને ઓળખતા હોવાનો ઈનકાર કર્યો
- નુકસાનની ભરપાઈ કરવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી
- ગોધરાકાંડ બાદ અમદાવાદ સહિત રાજ્યના વિવિધ ભાગોમાં હિંસા ફેલાઈ ત્યારે કલોલ નજીકના પલિયાડ ગામમાં પણ હિંસા ફેલાઈ હતી
- ગોધરાકાંડ બાદ અનેક સામુહિક અગ્નિકાંડના બનાવો બન્યા હતા. જેમાં નરોડા પાટીયા કાંડ, ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડ, સરદારપુરા હત્યાકાંડનો સમાવેશ થાય છે
- સરદારપુરા કેસમાં ૧૭ને આજીવન કારાવાસની સજા કરાઈ હતી
- ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા રેલવે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસના એસ-૬ કોચને આગ ચાંપી દેવામાં આવી હતી. જેમાં ૫૮ લોકો બળીને ભડથું થયા હતા
- નિર્દોષ છુટેલા તમામ ૨૮ લોકો સામે આગ, હિંસા અને સંપત્તિને નુકસાન પહોંચાડવાના આરોપ હતા

અતિ પછાત જાતિ વિકાસ નિગમનું નામાભિધાન

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત અનુસુચિત જાતિ અતિપછાત જાતિ વિકાસ નિગમને ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમનું નામાભિધાન કરવાનો નિર્ણય કર્યો છે.

વિજય રૂપાણીએ ગત-૨ જાન્યુઆરીએ નિગમના ઉપક્રમે ગાંધીનગરમાં યોજાયેલા ધિરાણ સહાય ચેક વિતરણ સમારોહમાં આ નિગમને સન્માનજનક નામ આપવાની વ્યક્ત કરેલી પ્રતિબધ્ધતા રૂપે આ નવું નામ આપવામાં આવ્યું છે. મુખ્યમંત્રીએ આ જ સમારોહમાં ગરો બ્રાહ્મણ સમાને ગુરુ બ્રાહ્મણ તરીકે આગવી ઓળખ આપી હતી.

વડોદરામાં મેડિકલ કોલેજની વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો

અમદાવાદ, તા.૩

વડોદરામાં મેડિકલ કોલેજની વિદ્યાર્થીનીએ આજે આપઘાત કરી લેતા સનસનાટી મચી ગઈ છે. આ સંદર્ભમાં સંબંધિત પોલીસ દ્વારા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. આપઘાત કરવા માટેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ આ બનાવની ચર્ચા આજે વડોદરા શહેરની એસએસજી કેમ્પસમાં આવેલી મેડિકલ કોલેજમાં જોવા મળી હતી. હોસ્ટેલ રૂમમાં આપઘાતના બનાવથી વિદ્યાર્થીઓમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. હિરલ નામની આ યુવતી હાલમાં મેડિકલ કોલેજમાં એનેસ્થેસિયા વિભાગમાં અભ્યાસ કરી રહી હતી. તેની સાથે રહેલી વિદ્યાર્થીનીઓ દ્વારા પણ હજુ સુધી કોઈપણ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. તેની પાસેથી આપઘાતના સંદર્ભમાં કોઈ નોંધ પણ મળી આવી નથી. જેથી પોલીસે જુદા જુદા એન્ગલથી તપાસ હાથ ધરી છે. ટૂંકા ગાળામાં જ આ અંગે વિગત ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે. બનાવની વિગત એવી છે કે શહેરની એસએસજી કેમ્પસમાં આવેલી મેડિકલ કોલેજની એનેસ્થેસિયા વિભાગની વિદ્યાર્થીનીએ આજે આપઘાત કરી લેતાં ચકચાર મચી છે. તેણે પોતાના હાથ ઉપર જાતે જ ઈન્જેક્શન મુકી આ પગલું ભર્યું હતું. મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી વિદ્યાર્થીનીએ ક્યા કારણોસર આ પગલું ભર્યું તેની વિગતો હજી સામે વી નથી. બીજી તરફ ઘટનામાં તટસ્થ તપાસ થશે તેવું સત્તાધિશોએ જણાવ્યું હતું. ઘટનાની પ્રાથમિક વિગતો એવી છે કે, વડોદરાના ગોતરી ખાતે એ-૧૦૧, તુલસી આંગન, ગોકુલ પાર્ટી પ્લોટની બાજુમાં રહેતા મનસુખભાઈ ઠુમ્મર અને ભાનુબેનની ૨૯ વર્ષિય પુત્રી હિરલ શહેરની એસએસજી હોસ્પિટલ કેમ્પસમાં આવેલી મેડિકલ કોલેજના એનેસ્થેસિયા વિભાગમાં અભ્યાસ કરતી હતી. તેણે એનેસ્થેસિયામાં એમડીની પરીક્ષા તાજેતરમાં જ આપી હતી.

કૈલાસ માનસરોવર સેવા સમિતિ દ્વારા યાત્રિકોને માર્ગદર્શન આપવામાં આવશે

ગાંધીનગર, તા.૩

ભારત સરકાર દ્વારા દર વર્ષની જેમ કૈલાસ માનસરોવરની યાત્રા માટે તા. ૧૩-૩-૨૦૧૭ સુધીમાં ઓન લાઈન ફોર્મ ભરાશે. કૈલાસ માનસરોવર સેવા સમિતિ ગાંધીનગર દ્વારા કૈલાસ માનસરોવરની યાત્રાએ જવા ઈચ્છુક યાત્રીઓને વિના મુલ્યે માર્ગદર્શન આપવામાં આવે છે. વધુ માહિતી માટે કિષ્ણકુમાર રાણા મો. ૯૪૨૭૪ ૧૯૦૧૨, વિપીનભાઈ પંડયા મો. ૯૪૨૬૬ ૧૪૯૧૦ અને ભોળાગીરી ગોસ્વામી મો. ૯૮૨૪૦ ૩૫૨૦૨ પર સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ગાંધીનગર ખાતેના નોર્થ વેસ્ટર્ન રિજિયન દ્વારા તા. ૧લી ફેબ્રુઆરીએ ૪૧માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. વિશ્વમાં ચોથુ સ્થાન ધરાવતા ભારતીય તટરક્ષક દળની આ ઉજવણીમાં ગુજરાતના રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલી ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે કેક કાપી હતી. આ પ્રસંગે નોર્ટવેસ્ટ રિજિયનના કમાન્ડર ઈન્સ્પેક્ટર જનરલ રાકેશ પાલ સહિત તટરક્ષક દળના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગૌરવ પુરસ્કાર માટે ૨૮મી સુધી અરજી કરી શકાશે

અમદાવાદ, તા.૩

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજયના ચિત્રકલા શિલ્પકલા અને છબીકલા ક્ષેત્રે વિશિષ્ઠ અને ગણનાપાત્ર પ્રદાન કરનાર રાજયમાં સ્થાયી થયેલ રાજયના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે છે. જેમાં ૫૦ હજાર રોકડ તથા પુરસ્કાર, શાલ અને તામ્રપત્ર એનાયત કરવામાં આવે છે, એમ ગુજરાત લલિતકલા અકાદમીની યાદીમાં જણાવાયું છે.

ગૌરવ પુરસ્કાર ૨૦૧૫-૧૬ માટે રસ ધરાવતા કલાકારોએ તા.૨૦મી ફેબ્રુઆરી-૨૦૧૭ સુધીમાં પોતાનું અરજીપત્રક સચિવ, ગુજરાત રાજય લલિતકલા અકાદમી, રવિશંકર રાવળ કલા ભવન, ભાઈકાકા હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદને મોકલી આપવાની રહેશે. કલાકારોએ કલાકારનું નામ, સરનામુ, જન્મતારીખ, ઉંમર, ટેલીફોન, મોબાઈલ નંબર, ગૌરવ પુરસ્કારનું ક્ષેત્ર, આધારકાર્ડ, ચૂંટણીકાર્ડની ઝેરોક્ષ સાથેની અરજી ઉક્ત સરનામે મોકલી આપવાની રહેશે. અગાઉ દરખાસ્ત કરી હોય તેવા કલાકારોએ પણ નવેસરથી ભલામણ કે અરજી કરવાની રહેશે. ગૌરવ પુરસ્કાર માટે કલાકારની પસંદગી અંગે સક્ષમ સમિતિનો નિર્ણય આખરી ગણાશે. આવા કલાકારોની ભલામણ ગૌરવ પુરસ્કૃત કલાકારો, ધારાસભ્યઓ, યુનિવર્સિટીના કુલપતિઓ અને કલાકાર જાતે પણ કરી શકશે.

નવરંગપુરા એસએચ ખારાવાલમાં સાયન્સ એક્સ્પો-૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહતપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

મહેસુલને લગતી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરાશે

અમદાવાદ, તા.૩

મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, જમીન બાબતે રાજય સરકારે નીતિ વિષયક નિર્ણયો લઈ સમયસર સૌને ન્યાય મળે તેવી પારદર્શી અને પ્રજાલક્ષી નીતિ અપનાવી છે તેમજ સંલગ્ન અકાલીદળના પ્રકાશસિંહ બાદલ અને સુખબીરસિંહ બાદલ ચૂંટણી મેદાનમાં છે. કોંગ્રેસના કેપ્ટન અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ પણ મેદાનમાં છે. આમ આદમી પાર્ટી તરફથી ભાગવત માન અને એચએસ ફુલકા ચૂંટણી મેદાનમાં છે. ભાજપ તરફથી જેજે સિંહ મેદાનમાં છે. બીજી બાજુ ગોવા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના લક્ષ્મીકાંત પરસેકર ચૂંટણી મેદાનમાં છે.પંજાબમાં ૧૧૭ બેઠકો પૈકી ૩૪ બેઠક અનુસૂચિત જાતિ માટે રિઝર્વ રાખવામાં આવી છે. બંને રાજ્યોમાં મતદારયાદીમાં સુધારા થઈ ચુક્યા છે. આની સાથે જ મતદારોની સંખ્યા ક્રમશઃ ૧૯૨૧૪૨૩૬, ૧૦૮૫૨૭૧ છે. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે.બન્ને રાજ્યોમાં મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ચોથી ફેબ્રુઆરીના દિવેસ જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ ચૂંટણી પ્રક્રિયા વધુ ઝડપી બની ગઈ હતી. પાંચ રાજ્યોમાં મતગણતરી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરાશે. પાંચ રાજ્યોમાં કુલ ૬૯૦ વિધાનસભા બેઠક માટે મતદાન યોજાનાર છે.

વીઝા નિયમો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય પ્રતિનિધીઓ રજૂઆત કરનાર છે. ટીસીએસ અને ઈન્ફોસીસની વ્યવસ્થા એવી છે કે તે અમેરિકી ગ્રાહકોના કામને કરવા માટે તે પોતાના કામકાજના મોટી સંખ્યામાં કર્મચારીઓને સામેલ કરે છે. એમ માનવામાં આવી રહ્યુ છેકે ટ્રમ્પ હાલમાં વીઝા પ્રોગ્રામમાં મોટા ફેરફાર કરવા માટે કાર્યકારી આદેશ માટે ડ્રાફ્ટ તૈયાર કરી રહ્યા છે.વીઝા પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ મહાકાય એપલ જેવી કંપનીઓ અને વિપ્રો જેવી ભારતીય કંપનીઓને પણ મોટો ફટકો પડી શકે છે. અત્રે નોંધનીય છે કે કંપનીઓ અમેરિકામાં એન્જિનિયરોની કમીને પૂર્ણ કરવા માટે બીજા દેશોના લોકોને ભરતી કરે છે. પરંતુ વીઝા પ્રોગ્રામમાં ફેરફાર કરવામાં આવ્યા બાદ કંપનીઓને જોબમાં અમેરિકી નાગરિકોને પ્રાથમિકતા આપવાની ફરજ પડશે. આવી સ્થિતીમાં તમામને ભારે નુકસાન થઈ શકે છે.

લોકસભામાં હોબાળો.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

હોસ્પિટમલાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં મંગળવારે રાત્રે તેમનું અવસાન થઈ ગયું હતું. બુધવારે કેન્દ્રિય બજેટ રજુ કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ સહિત વિરોધ પક્ષના સભ્યોએ સાંસદ ઈ અહેમદના અવસાન બાદ બજેટને ટાળવાની માંગ કરી હતી. લોકસભા અધ્યક્ષ સુમિત્રા મહાજને વિપક્ષની માંગને સ્વીકાર કરી ન હતી. સુમિત્રા મહાજને કહ્યું હતું કે બજેટ એક બંધારણીય ફરજ છે અને તેને રજુ કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. ત્યારબાદથી વિપક્ષ સરકાર પર પ્રહાર કરવામાં વ્યસ્ત છે. સાંસદોને લઈને એવા અહેવાલ પણ આવ્યા હતા કે તેમના અવસાનની માહિતી છુપાવવામાં આવી હતી. કોંગ્રેસે આને લઈને પણ સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. જોકે સરકારે કહ્યું હતું કે અગાઉ પણ સાંસદોના અવસાન બાદ બજેટ રજુ કરાયા છે.

ડ્રાફ્ટ બજેટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. તેમણે આગામી વર્ષે ૩૨ કરોડની આવક મિલ્કતવેરામાંથી થશે તેવો અંદાજ મુક્યો છે. આ ઉપરાંત વ્યવસાયવેરાની આવક રૂ. ૭.૫૦ કરોડ,

આજકાલમાં હટશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયા ૫૦૦ અને ૨૦૦૦ની નવી નોટો આવી ગયા બાદ આ મર્યાદા ધીમે ધીમે દુર કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં સ્થિતિ વધુ હળવી થવાના પ્રયાસો આરબીઆઈ અને સરકાર દ્વારા કરવામાં આવશે. દાસે કહ્યું હતું કે ૯૦ દિવસ કરતા પણ ઓછા સમયગાળાની અંદર સમગ્ર પ્રક્રિયા સરળ બની ચુકી છે. રોકડ ઉપર પ્રતિબંધ બાદ રોકડની અછતના અનુસંધાનમાં એટીએમ અને બેંકોની શાખામાંથી નાણાના ઉપાડ ઉપર નિયંત્રણો લાગુ કરવામાં આવ્યા હતા.

આવકવેરા રિટર્ન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી જ રીતે પાંચ લાખ રૂપિયાથી વધારે આવક ધરાવનાર લોકો જો સમયસર આવકવેરા રિટર્ન દાખલ ન કરે તો જુલાઈ બાદ અથવા તો ડિસેમ્બર સુધી રિટર્ન દાખલ કરે છે તો તેમના પર પાંચ હજાર રૂપિયાનો દંડ લાગુ થશે. બીજી બાજુ ડિસેમ્બર બાદ રિટર્ન ભરવાની સ્થિતિમાં ૧૦ હજાર રૂપિયા સુધીનો દંડ લાગુ કરવામાં આવી શકે છે.

આ તમામ બાબતોને ખૂબ જ કઠોર હિલચાલ તરીકે ગણવામાં આવે છે. જેની સીધી અસર કરદાતાઓ ઉપર થશે.

આજે મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભા બેઠક છે જે પૈકી એક સીટ એસસી માટે રિઝર્વ રાખવામાં આવી છે. પંજાબમાં મતદાન મથકોની સંખ્યા ૨૨૯૦૦ જેટલી છે. જ્યારે ગોવામાં મતદાન મથકોની સંખ્યા ૧૬૪૨ જેટલી છે. પંજાબમાં શિરોમણી

તરફ ધ્યાન અપાશે : રૂપાણી

વનબંધુઓ-આદિજાતિઓના બાળકોની શિક્ષણ સુવિધા અને આવાસ માટે મુખ્યમંત્રી રૂપાણી સંપૂર્ણપણે કટિબદ્ધ

અમદાવાદ, તા.૩

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વની સરકારે આદિજાતિ બાળકોના શિક્ષણ અને આવાસની સુવિધાઓ વ્યાપક બનાવવાનો વનબંધુ હિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજયમાં ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમશાળા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા ઉચ્ચત્તર બુનિયાદી આશ્રમશાળાઓના મકાન બાંધકામની સહાયમાં ૮૦-૯૦ ટકા જેટલી માતબર સહાય કરવાનો નિર્ણય કર્યો છે.

વિજય રૂપાણીના આ આદિજાતિ વનબંધુ કલ્યાણ નિર્ણયને પગલે હવેથી, આદિજાતિ વિસ્તારની આશ્રમશાળા માટે રાજય સરકાર તેના જે તે વર્ષના એસઓઆરના ૯૦ ટકા અથવા ૨૪ લાખ બેમાંથી જે ઓછું હોય તે સહાય આપશે. બિનઆદિજાતિ વિસ્તારોની આવી આશ્રમશાળાઓ માટે આ સહાયનું ધોરણ એસઓઆરના ૮૦ ટકા અથવા ૨૪ લાખ બેમાંથી જે ઓછું હોય તે રાખવામાં આવ્યું છે. ઉત્તર બિનયાદી આશ્રમશાળાઓ માટે આ સહાય આદિજાતિ વિસ્તારોમાં એસઓઆરના ૯૦ ટકા કે ૫૦ લાખ તથા બિન આદિજાતિ વિસ્તારોમાં એસઓઆરના ૮૦ ટકા અથવા ૫૦ લાખ બેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે.

અન્ને એ નિર્દેશ કરવો જરૂરી છે કે, આવી આશ્રમશાળાઓને મકાન બાંધકામ સહાય માટે ભારત સરકાર ૫૦ ટકા રકમ ફાળવતી હતી અને ૫૦ ટકા હિસ્સો રાજય સરકારનો રહેતો હતો. તત્કાલિન કેન્દ્ર સરકારે ૨૦૧૦થી આવી ૫૦ ટકા સહાય બંધ કરવાને પરિણામે રાજય સરકારે વનબંધુઓના બાળકોને શિક્ષણની તથા નિવાસની સુવિધાઓ સરળતાએ મળી રહે તેવા કલ્યાણ હેતુથી આ સહાયના ધોરણો જાહેર કર્યા છે.

મુખ્યમંત્રીએ વનબંધુઓના આર્થિક સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે અગાઉ તમામ આશ્રમશાળાઓમાં ધોરણ ૮ના વર્ગો શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરેલ છે. તદઉપરાંત સરકારી છાત્રાલયોમાં ડ્રાય હોસ્ટેલ પ્રથાનો અંત લાવી ભોજન સુવિધા આપવાનો અને આદિજાતિ વિસ્તારોમાં ભાડાના મકાનમાં કાર્યરત છાત્રાલયો નિવાસી શાળાઓને પોતીકા મકાન માટે જમીન ફાળવવાનો વનબંધુ હિતકારી અભિગમ પણ અપનાવ્યો છે.

બિન કરપાત્ર આવક ૨૪ કરોડ ૧૩ લાખ થશે. ૨૦૧૭-૧૮માં રેવન્યુ આવક ૯૨ કરોડ ૧૨ લાખ થશે તેવો અંદાજ ડ્રાફ્ટ બજેટમાં રજુ કરાયો છે.

કમિશનરે તેમના આ ડ્રાફ્ટ બજેટમાં જણાવ્યુ છે કે મહેકમ ખર્ચમાં વધારો થશે પણ તે આવકના ૮ ટકાથી વધુ નહિ હોય. તેમણે જણાવ્યુ છે કે સાતમા પગારપંચની ભલામણોનો અમલ કરવાને પગલે પગાર ખર્ચમાં ૧૫ થી ૧૬ ટકાનો વધારો થશે. તે સંપૂર્ણ રીતે યોગ્ય છે. કેપીટલ ખર્ચમાં ૪ ટકા કન્ટીજન્સી ખર્ચ, ૧ ટકો રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ તેમજ પાંચ ટકા ઈલેક્ટ્રીક અને નિભાવણી ખર્ચ પાછળ થશે જ્યારે ૭૮ ટકા કેપીટલ ખર્ચ વિકાસ માટે થશે.

કમિશનરે તેમના આ ડ્રાફ્ટ બજેટમાં કેપીટલ આવક ૫ પૈસા, વેરા વસુલાતની આવક ૧૯ પૈસા, બિનકરપાત્ર આવક ૧૧ પૈસા અને રેવન્યુ ગ્રાન્ટ ૧૮ પૈસા જેટલી અંદાજેલી છે. નોટબંધીથી મિલ્કતવેરાની વસુલાત વધી હોવાનો ઈન્કાર કમિશનરે કરી હતી.

જગ્યા ખાલી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરાયેલી છે. જયારે આ પૈકી પણ મોટાભાગના અધિકારીઓ જુન મહીનામાં નિવૃત થવાના છે. જયારે હાલની સ્થિતિએ ૫૦ ટકા જગ્યા ખાલી હોવાના લીધે વહીવટી કામગીરી પર વિપરિત અસર જોવા મળી રહી છે. ડિવિઝન -૧ અને વિવિધ પેટા વિભાગોના શીરે આમ પણ શહેરના રસ્તા તેમજ સ્થાનિક ઈન્કવાયરી કચેરીની જવાબદારી છે. જયારે ઈન્કવાયરી કચેરીઓમાં પણ માલ સામાન સાથે મેન પાવરનો અભાવ છે. બીજીતરફ ડિવિઝન કક્ષાએ પણ સ્ટાફ ન હોવાથી આમ નાગરિકોની નાની મોટી સમસ્યાઓનુ નિરાકરણ આવતુ નથી. હાલ પેટા વિભાગ -૧,૨ અને ૨૦ માં નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યા ખાલી છે.